

## કોવિડ-19: ભારતનાં નબળા (VULNERABLE) સમુદાયો પર રોગચાળાની અસરો

# કેવી રીતે પ્રવર્તમાન અસમાનતા અને નબળાઈઓએ ભારતનાં પ્રતિભાવને અસર કરી છે?


કોવિડ-19 એ ભારતનાં ગરીબ અને સીમાંત જૂથો માટે, અસલામતી, કલંક (stigma) અને આજીવિકાનું નુકસાન કરીને અનિશ્ચિતતાઓને વધુ તીવ્ર બનાવી છે.



ભારતમાં રોગચાળાની અસરો વર્ગ, જાતિ, ધર્મ, અને વંશીયતા મુજબ અલગ પડી છે. સૌથી વધુ અસર અનિશ્ચિત, સીમાંત અને લઘુમતી જૂથો જેવા કે દલિતો, મુસ્લિમો અને સ્થળાંતર કામદારો દ્વારા અનુભવાઈ છે.



ભારતનાં કદ અને વિવિધતાને કારણે એક-સમાન રાષ્ટ્રીય પ્રતિભાવો હંમેશા અસરકારક નથી બન્યાં. કડક સરકારી લોકડાઉનને કારણે ગ્રામીણ અને અનૌપચારિક શહેરી આજીવિકા નાશ થઈ, જેને લીધે ભારતીય શહેરોના કામદારોનું અનિયંત્રિત સ્થળાંતર જોવાં મળ્યું.



ભારતના જુદા જુદા ભાગોમાં, લોકડાઉન પ્રતિબંધો અને જાહેર સ્વાસ્થ્યનાં પગલાં સંયોગથી હીટવેવ્સ, પૂર અને ચક્રવાત, આપત્તિ વિક્ષેપિત પ્રતિભાવ અને માનવતાવાદી રાહત, અને પુનઃવસનમાં વિલંબનું કારણ બન્યાં.

**SSHAP** | Social Science in Humanitarian Action Platform

www.socialscienceinaction.org

@SSHAP_Action #SSHAP

DOI: 10.19088/SSHAP.2021.007

## કોવિડ-19: ભારતનાં નબળા (VULNERABLE) સમુદાયો પર રોગચાળાની અસરો

# કોવિડ-19 એ પ્રવર્તમાન અનિશ્ચિતતાઓને વધુ તીવ્ર બનાવી છે.

ભારતમાં કોવિડ-19 રોગચાળો તણાવમાં વધારો કરનારો અને કૃષિ, પાણી અને સ્વચ્છતા, રોજગાર, આરોગ્ય, હવામાન, અને આપત્તિ પ્રતિસાદ અંગેની અનિશ્ચિતતાઓને વધુ તીવ્ર બનાવનારો છે.

કોવિડ-19 એ બતાવ્યું છે કે ભારતીય શહેરો અનૌપચારિક અર્થતંત્ર પર કેટલા નિર્ભર છે. સ્થગિત વેપાર અને વાણિજ્યએ છૂટક મજૂરોને મોટી સંખ્યામાં અસર કરી, જેઓની પાસે કામ વિના ટકી રહેવાની થોડી જ બચત હતી.

ગ્રામીણ ભારતમાં, લોકડાઉનથી શિયાળાના પાકની લણણી ખોરવાઈ અને પેદાશોનું વિતરણ અને વેચાણ કરવું મુશ્કેલ બન્યું. ઘણા ખેડૂતો નિર્વાહ પાકો તરફ ગયાં જ્યારે કેટલાક ખેડૂતોએ ખોરાક પ્રણાલીની અંદર નવી કડી બનાવી, જેમાં સીધા ફાર્મ-ટુ-હોમ ડિલિવરી મોડલ્સનો સમાવેશ થાય છે.

ગુજરાતના કચ્છના સુકાળ વિસ્તારોમાં, રબારી અને જાટ વિચરતા પશુપાલકો તેમના પશુધન માટે બજારો શોધવામાં અસમર્થ હતા. જીવનનિર્વાહ માટે જ્યારે જરૂર ઊભી થઈ તેમણે સ્થાનિક ખેડૂતો પાસે મદદ માંગી કેમકે તેઓ અગાઉ ઘાસચારા માટે પશુના છાણનો વેપાર કરતાં હતા.

લોકડાઉનના પ્રતિબંધોએ આપત્તિ પ્રતિસાદ ઉપર પણ અસર કરી. પશ્ચિમ બંગાળમાં સુપરસાયક્લોન "અમફાન' પ્રતિબંધો અને પાછા ફરી રહેલા કામદારો વચ્ચે ત્રાટક્યું જે અધિકારીઓ માટે વધારાનાં આશ્રયસ્થાનો પુરવઠો પૂરો પાડવા માટે પડકાર રૂપ બન્યું હતું.

SSHAP | Social Science in Humanitarian Action Platform
www.socialscienceinaction.org
@SSHAP_Action #SSHAP
DOI: 10.19088/SSHAP.2021.007

## કોવિડ-19: ભારતનાં નબળા (VULNERABLE) સમુદાયો પર રોગચાળાની અસરો

# કોવિડ-19 એ નબળા સમુદાયોને કેવી રીતે અસર કરી છે?

રોગચાળો ભારતીય સમાજમાં પહેલેથી જ હાજર માળખાકીય અસમાનતાઓને કારણે વધુ લોકોને હાંસિયાની બહાર ધકેલે છે અને કલંક પેદા કરે છે. આ અસરો જુદા જુદા જૂથો અને સમુદાયો દ્વારા અલગ રીતે અનુભવાય છે.

દલિતો, મુસ્લિમો સહિતના જૂથો, પાછા ફરેલા અનૌપચારિક કામદારો અને ભારતના ઉત્તર-પૂર્વથી સ્થળાંતર કરનારા કામદારોને વાયરસના સંભવિત ફેલાવ કરનારાં (સ્પ્રેડર્સ) તરીકે કલંકિત કરાયાં.

પુરુષો કરતાં મહિલાઓએ વધુ સહન કર્યું છે. એવી વધુ શક્યતા છેકે એમને કામ ગુમાવ્યું હોય અને તેમણે જરૂરી આરોગ્ય સંભાળ અને કુટુંબ યોજના સેવાઓ મેળવતા અટકાવવામાં આવ્યા હોય.

ગ્રામીણ આજીવિકામાં અને રૂપિયા મોકલવા/ટ્રાન્સફરમાં અવરોધને કારણે બાળકો અભ્યાસથી દૂર થવા મજબૂર થયા. શાળાઓ બંધ થઈ જવાનાં કારણે બાળકોને મળતા ખોરાક તેમજ  રસીકરણ કાર્યક્રમ પર અસર પડી છે.

સરકારે રોકડ ટ્રાન્સફર અને અન્ય રાહત સામગ્રી પૂરી પાડી પણ ઘણા લોકોને આ સહાય મેળવવામાં મુશ્કેલી પડી. કેટલાક લાભ ફક્ત બેંક ખાતા, રેશન કાર્ડ્સ, બાયોમેટ્રિક ID અથવા નિશ્ચિત સરનામું ધરાવતા લોકોને જ ઉપલબ્ધ હતા.

માર્ચ અને એપ્રિલમાં સ્થળાંતર કરતાં 2.2 થી 2.5 કરોડ લોકો ભારતનાં શહેરો છોડી પરિવાર પાસે જવા નિકળ્યાં. પરિવહન સ્થગિત થતાં, એન.જી.ઓ. દ્વારા સ્થાપિત રાહત શિબિરો દ્વારા મળેલી થોડી ઘણી મદદ વડે ઘણા મુસાફરોને પગ-પાળા જ વતન સુધીની મુસાફરી કરવી પડી હતી.

SSHAP | Social Science in Humanitarian Action Platform
www.socialscienceinaction.org
@SSHAP_Action #SSHAP
DOI: 10.19088/SSHAP.2021.007

## કોવિડ-19: ભારતનાં નબળા (VULNERABLE) સમુદાયો પર રોગચાળાની અસરો

# રિકવરી અને રોગચાળા પછીનો બદલાવ

જોકે કોવિડ-19 માંથી રિકવરી ધીમી, પસંદગીયુક્ત અને અસમાન રહી છે, રોગચાળામાંથી ટકાઉ અને સમાવિષ્ટ આજીવિકા અને સૌથી સંવેદનશીલ કે નબળાને સુરક્ષિત કરવાની તકો પણ રહેલી છે.

ટૂંકા ગાળાના પગલાઓએ તાત્કાલિક રાહત અને રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પણ હવે મૂળભૂત આવશ્યકતાઓને પહોંચી અને ટકાવી રાખવાની રીતો, ખોરાક સહિત પાણી, આરોગ્ય, નોકરીઓ અને આશ્રય આપે એવા લાંબા ગાળાના પ્રતિભાવો જરૂરી છે.

હાંસિયાની બાહર ધકેલાઈ ગયેલા જૂથોના અવાજો અને સૂચનોથી સરકારની વ્યૂહરચનાને આકાર અપાવવો જોઈએ જેમાં નાગરિક જૂથોની મજબૂત ભૂમિકા હોવી જોઈએ.

સ્થળાંતર કામદારોની હિજરત ગ્રામીણ વિસ્તારો માટે નવી તકો રજૂ કરે છે. હાલની ગ્રામીણ રોજગાર યોજનાઓને લક્ષ્યાંક બનાવીને નવી નવી સમુદાય સંપત્તિનું નિર્માણ કે અપગ્રેડેશન અને ખેતી ઉપરાંત ઉચ્ચ મૂલ્યની મજૂર-સઘન પ્રવૃત્તિઓને ટેકો આપવો શક્ય છે.

રોગચાળા દરમ્યાન સરકારી રાહત અને સામાજિક સલામતીની નિષ્ફળતાએ સાર્વત્રિક સામાજિક સુરક્ષાની જરૂરિયાત દર્શાવી છે જે ઓળખ અને ઠેકાણાની જરૂરિયાતોથી મુક્ત હોય.

રિકવરી માટે રાજ્ય અને સ્થાનિક એજન્સીઓએ સમુદાય આધારિત અભિગમ અપનાવવો જોઈએ. જેમકે કેરળ રાજ્યનાં પ્રતિભાવો અને ધારાવી (એશિયાની સૌથી મોટી શહેરી ઝૂંપડપટ્ટી)એ નાગરિક, સામાજિક સંસ્થાઓ અને સમુદાયના નેતાઓને સ્ક્રિનિંગ અને સંપર્ક ટ્રેસિંગમાં જોડ્યા હતા.

SSHAP | Social Science in Humanitarian Action Platform
www.socialscienceinaction.org
@SSHAP_Action #SSHAP
DOI: 10.19088/SSHAP.2021.007